જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૯/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૪૦૮/૧૪**

## આજથી આશરે ચાર પાંચ દિવસ અગાઉ રાત્રીના સમયે બોમ્બે હોટલ પાછળ એક રાહદારી ઇસમને લુંટ કરેલ જે ગુનાને ડીટેક્ટ કરતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાશં શુકલ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એચ.સરવૈયા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ આગામી નવરાત્રિના ધાર્મિક તહેવાર અનુંસધાને નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ ડ્રાઇવ રાખવામાં આવેલ. જે અનુસંધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પો.ઇ.શ્રી જે.એચ.સરવૈયા સાહેબ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૩/૦૦ વાગે વિશાલા સર્કલ પાસે આવતાં સાથેના પો.કો. નિશારઅહેમદ ઉસ્માનમિયા તથા પો.કો.સમીરસિંહ પ્રતાપસિંહ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, એક ઇસમ નામે મોઇનુદ્દીન ઉર્ફે મોઇન કમાલુદ્દીન શેખ નો કે જેણે શરીરે બ્લેક-રેડ-ગ્રીન કલરના આડા પટ્ટાવાળી ટી-શર્ટ તથા બ્લ્યુ કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે. જે ઇસમ પાસે મોબાઇલ ફોન છે તે ચોરી કે લુંટ કરીને મેળવેલ છે. જે ઇસમ હાલ માં જુહાપુરા સંકલિતનગર તરફથી આવી વિશાલા સર્કલ થઇ નારોલ તરફ જવાનો છે.” વિગેરે મતલબની બાતમી હકીકત આધારે મોઇનુદ્દીન ઉર્ફે મોઇન કમાલુદ્દીન શેખ ઉવ.૨૫ ધંધોઃ રીક્ષા ડ્રાઇવીંગ રહે, આઇ/૧૧૫, સંકલિતનગર, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ શહેર નાનો મળી આવેલ. જેથી સદરીને પુછપરછ કરતાં જણાવેલ કે, આજથી ચાર પાંચ દિવસ પહેલા રાતના અગિયાર વાગ્યાની આસપાસ બોમ્બે હોટલની પાછળ મેદાનમાં જઇને એક ઇસમને લુંટી લીધેલાનું જણાવેલ. જેની પાસેથી એક નોકીયા કંપનીનો મોડલ નં.૫૦૦ નો સીમકાર્ડ વગરનો કિ.રૂ.૧૫૦૦/- નો તથા રોકડા રૂ.૧૯૦૦/- તથા “ડીપાર્ટમેન્ટ ઓફ સ્લેવોનિક એન્ડ ફિનો યુગ્રેઇન સ્ટડીજ” નું યુનિવર્સીટી ઓફ દીલ્હી નું આઇ કાર્ડ તથા પંજબ નેશનલ બેંકનું એટીએમ એન્ડ શોપિંગ કાર્ડ તથા સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા નું ડેબીટ કાર્ડ તથા સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયાનું ઇન્ટરનેશનલ ડેબીટ કાર્ડ એન્ડ શોપિંગ કાર્ડ તથા સેન્ટ્રલ યુનિવર્સીટી ઓફ ગુજરાત નું સ્ટુડન્ટ આઇ.ડી. કાર્ડ તથા યાત્રી કાર્ડ તથા સદરી થેલાની કિ.રૂ.૦૦/૦૦ ગણી તથા બીજા પરચુરણ કાગળો જે મુદ્દામાલ પંચનામાં વિગતે તપાસ અર્થે કબજે લીધેલ છે. ઉપરોક્ત બાબતે તપાસ કરતાં દાણીલીમડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૮૬/૨૦૧૪ ધી ઇપીકો કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ સદરી ઇસમને આજરોજ તા.૨૩/૦૯/૨૦૧૪ ના ક. ૧૪/૩૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)એ મુજબ પકડી અટક કરેલ છે. તપાસ દાણીલીમડા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે.

## <u>બેંગ લીફ્ટીંગ અને ચીલઝડપ જેવા ગુનામાં નાસતા ફરતા રીઢા ગુનેગારને જબ્બે કરતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર</u>

નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાશં શુકલ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી ક્રાઇમબ્રાંચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એચ.સરવૈયા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ આગામી નવરાત્રિના ધાર્મિક તહેવાર અનુંસધાને નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ ડ્રાઇવ રાખવામાં આવેલ. જે અનુસંધાને અમદાવાદ શહેર વિસ્તારમાં પો.સ.ઇ.શ્રી સી.બી.ગામીત સાહેબ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા સરદારનગર સૈજપુર ગરનાળા પાસે આવતા સાથેના પો.કો.રાકેશસિંહ ધર્મેન્દ્રસિંહ તથા પો.કો. અનિરુધ્ધસિંહ મહીપતસિંહ નાઓએ સંયુક્ત બાતમી હકીકત આપેલ કે, “ એક ઇસમ નામે રાકેશ ઉર્ફે મુછીયા બંસીભાઇ બંગાળી કે જેણે શરીરે કેસરી કલરનો શર્ટ તથા કથ્થાઇ કલરનું ઉભી લાઇનીંગવાળું પેન્ટ પહેરેલ છે તે ઇસમ નડીયાદ ટાઉન પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૫/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ તથા નડીયાદ ટાઉન પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૮૯/૧૪ ધી ઇપીકો કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ છે. જે નાસતો ફરે છે. જે બંગલા એરીયા રોડ કુબેરનગર તરફથી આવી અત્રે સૈજપુર ગરનાળા થઇ સૈજપુર ટાવર તરફ જવાનો છે.” વિગેરે મતલબની બાતમી હકીકત આધારે રાકેશ ઉર્ફે મુછીયો s/o બંસીભાઇ બંગાલી (છારા) ઉવ.૪૨ ધંધો: છુટક મજુરી રહે, સદાનંદની ચાલી, સિંગલ ચાલી, અરુણાબેન રાજેશભાઇ ના મકાનમાં, સરદારનગર, અમદાવાદ શહેર નાનો મળી આવેલ. જેથી સદરી ઇસમને આજરોજ તા.૨૨/૦૯/૨૦૧૪ ના ક. ૧૧/30 વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)એ મુજબ પકડી અટક કરેલ છે. આરોપીની વધુ પુછપરછ કરતાં અગાઉ કાગડાપીઠ પોલીસ સ્ટેશન માં બેગ લીફ્ટીંગ માં બે વખત પકડાયેલ તેમજ સરદારનગર પોલીસ સ્ટેશન માં ચોરીના ગુનામાં પકડાયેલ છે. તપાસ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામાં આવેલ છે.

## <u>સ્કોડા જેવી વૈભવી કારનો ઉપયોગ કરી લુંટ, ધાડ જેવા ગુના આચરતી ટોળકીના ત્રણ ઇસમોને ઝડપી લુંટ ધાડના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે. શર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલા નાઓએ, ગંભીર પ્રકારના બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી. ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ, તથા પો.સ.ઈ. શ્રી પી.બી. દેસાઈ નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) મુકેન્દ્રસિંહ ઉર્ફે મોન્ટુસિંહ ઉર્ફે મોન્ટુ સ/ઓ દિલાવરસિંહ વાઘેલા ઉ.વ.-૨૫, રહે. ૯૯, નર્મદનગર સોસા., વિભાગ-૨, નવનિર્માણ સ્કુલ પાછળ, રાણીપ, અમદાવાદ શહેર (૨) ભાવસંગ ઉર્ફે ભાવેશ ઉર્ફે ભાવલો ઉર્ફે રાજુ સ/ઓ વરસંગજી ઠાકોર, ઉ.વ.-૪૦, હાલ રહે. ૮૪૪, સ્વસ્તિક સોસાયટી, અર્જુનભાઈની ચા ની કિટલીની સામે, ડી.એસ.પી. ઓફિસ, સેક્ટર-૨૭, ગાંધીનગર. મુળ રહે. ગામ. રોજવા, નવાગામ પરુ, ઠાકોરવાસ, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર (૩) જયદેવસિંહ અરવિંદસિંહ ઝાલા, ઉ.વ.-૨૪, હાલ રહે. પરમસુખ સોસા. ગેટ નં.-૬, ભરતભાઈ રબારીના ભાડાના મકાનમા, પીંક સીટી પાસે, રાણીપ, અમદાવાદ શહેર મુળ રહે. ગામ. બળોલ, કુલપર શેરી, તા.લીંમડી, જિ. સુરેન્દ્રનગરને સુભાષબ્રીજ સર્કલ ખાતેથી સ્કોડા રેપીડ કાર નં.-GJ-1-RA-4565 સાથે તા.૨૨/૦૯/૨૦૧૪ નારોજ રોકી એકલવ્ય શોફ્ટવેરની મદદથી જણાવેલ આર.ટી.ઓ. નંબર વેરીફાઈ કરતા જે નંબરનું વાહન રેનોલ્ટ કંપનીની સ્કેલા કાર હોવાનું જણાતા જે નંબર ખોટો લગાવેલ હોવાનું

જણાતા સદર ત્રણ ઇસમોને સ્કોડા રેપીડ બાબતે પુછપરછ કરતા સદર ઇસમોએ ચોરી અગર તો છળકપટ થી મેળવેલ હોવાનું જણાતા સ્કોડા રેપીડ કાર કબ્જે કરી સદર ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

સદર બન્ને આરોપીઓની પુછપરછ દરમિયાન આરોપીઓએ જણાવેલ કે, ઉપરોક્ત કાર, મેહુલ ઉર્ફે મેવારામ રબારી રહે. સાંચોર, રાજસ્થાન વાળાએ લઈ પોતાની પાસે આવતા તેઓ ચારેય જણાઓએ મળી સ્કોડા કારની અસલ નંબર પ્લેટ કાઢી નાખી GJ-1-RA-4565 મુજબના ખોટા નંબર વાળી નંબર પ્લેટ ફીટ કરેલ હોવાનું જણાવતા જે કાર અંગે જરૂરી તપાસ હાથ ધરતા કાર ડભોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.-૬૭/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાના કામે આરોપીઓ દ્વારા પ્રસ્તુત ગુન્હાના ફરીયાદી પાસેથી મેળવી લીધેલ તે જ કાર હોવાનું તેમજ કબ્જે કરેલ સ્કોડાકારનો અસલ આર.ટી.ઓ. નંબર RJ-27-CD-3060 હોવાનું જણાઈ આવતા, આરોપી (૧) મેહુલ ઉર્ફે મેવારામ રબારી નાએ તથા પકડાયેલ ત્રણ આરોપીઓ મળી ચારેય આરોપીઓએ ભેગા મળી ઉપરોક્ત સ્કોડા કારની અસલ આર.ટી.ઓ. નંબર પ્લેટ બદલી GJ-1-RA-4565 મુજબનો નંબર ખોટો હોવાનું જાણવા છતા આ ખોટા નંબર વાળી નંબર પ્લેટ સ્કોડા કાર ઉપર ફીટ કરી, સ્કોડા કાર ચલાવી ઉપયોગ કરતા ત્રણ આરોપીઓ મળી આવેલ હોય પકડાયેલ ત્રણ આરોપીઓ તથા નહી મળી આવેલ આરોપી મેહુલ ઉર્ફે મેવારામ રબારી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવતા જે અંગે નોંધાયેલ ગુનાની તપાસ હાલ પો.સબ ઈન્સ. શ્રી એલ.ડી.વાઘેલા નાઓ તપાસ ચલાવી રહેલ છે.

તેમજ આ પકડાયેલ આરોપીઓની વધુ પુછપરછ દરમિયાન ગઈ તા.૨૦/૮/૨૦૧૪ ના રોજ સવારના સમયે ઉપરોક્ત કાર સાથે આઈશર ટ્રક તેલના ડબ્બા ભરેલ હતી તેનો પીછો કડી નજીક આવેલ થોળ ગામ પાસે આવેલ એન.કે.પ્રોટીન નામની ફેક્ટરી ખાતેથી કરી વડોદરા એક્સપ્રેસ હાઈવે થઈ વડોદરા ટોલટેક્સ પસાર કરી આગળ જતા રસ્તામાં આઈશર ટ્રકને રોકી ડ્રાઈવર પાસે બેસી ડ્રાઈવરને હિન્દી ભાષામાં “તારી ગાડીમાં દારૂ ભરેલ છે, સાહેબને ચેક કરવી છે.” તેમ કહી આઈસર ટ્રક ચલાવી લઈ થોડા આગળ જઈ આઈસર ટ્રકના ડ્રાઈવરને ઉતારી પોતાની પાસેની કારમાં બેસાડી, ભાવસિંહ ઉર્ફે ભાવેશ ઠાકોર નાએ આઈશર ટ્રક ચલાવી લઈ પરત હાઈવે નં.૮ થઈ કડી ખાતે લાવી પાર્ક કરી, આઈશર ટ્રકના ડ્રાઈવરને સતલાસણા નજીક ઉતારી દઈ આરોપી મેવારામનો સંપર્ક કરતા તે આવતા તમામે ભેગા મળી આઈસર ટ્રક તેલના ડબ્બા ભરેલ હતી તે લઈ મેવારામના જણાવ્યા મુજબ ધાનેરા થી આગળ આવેલ જેરડા ગામ નજીકના તેના મામાના ગામે લઈ ગયેલ જ્યાં માલ ખાલી કરી આઈશર ટ્રક પરત જેરડા ગામે લાવી એક હોટલ આગળ છોડી દીધેલ હોવાનુ જણાવતા હોય, જે અંગે તપાસ કરતા કરજણ પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.-૧૦૮/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૬૫, ૩૯૫, ૧૨૦બી મુજબથી ગુન્હો નોંધાયેલ હોવાનુ જણાઈ આવેલ છે.

તેમજ કબ્જે કરવામાં આવેલ કાર પણ ડભોડા પો.સ્ટે. ખાતે ફ.ગુ.ર.નં.-૬૭/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાના મુદ્દામાલની કાર હોવાનુ જણાઈ આવેલ હોય, કરજણ પોલીસ સ્ટેશન તથા ડભોડા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામાં આવેલ છે.

**અમદાવાદ શહેરમાં છેલ્લા લાંબા સમયથી એકલ દોકલ મુસાફરોને રિક્ષામાં બેસાડી નજર ચુકવી દરદાગીના રોકડ રકમ તથા કિંમતી સામાનની તફડંચી કરતી ગેગના સભ્યોને પકડી પાડી ૫૦ થી વધુ ચોરીઓનો ભેદ ઉકેલી કાઢતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, તથા મદદનીશ પોલીસ કમિશ્નર

શ્રી સાયબર સેલ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કિરણ પટેલની ટીમના પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરા નાઓ સ્કવૉડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કોન્સ.મનોજકુમાર વિઠ્ઠલભાઇ રઝાકહુસેન સાબીરઅલી નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે એક ઓટોરીક્ષા તથા તેમાં સવાર ત્રણ ઇસમો (૧) અમનુલ્લા ઉર્ફે મણીલાલ હબીબમીયાં કુરેશી ઉવ.૪૦ રહે.દાણીની ખડકી સામે, આંબલી ફાલે દહેગામ જીલ્લો (૨) ફિરોજ ઉર્ફે ભેરીયો ૈ્ અબ્દુલઅજીજ શેખ ઉવ.૪૫, રહે.૬૪, શીવનગર ઉગમણા તળાવ દહેગામ તા.દહેગામ જિલ્લો ગાંધીનગર(૩) મેલાભાઇ ઉર્ફે મેલીયો પ્રહલાદભાઇ મગનભાઇ વાસફોડીયા ઉવ.૩૨ ધંધો રીક્ષા ડ્રાઇવીંગ રહેવાસી આરાધના સોસાયટી સામે મોડાસા રોડ દહેગામ જિ.ગાંધીનગરનાઓને પકડી પાડી તેઓ પાસેથી ચોરીના ઘરેણા (૧) સોનાનુ મંગળસુત્ર (૨) સોનાની ચેઇનો નંગ-૨ (૩) કાનની બુટ્ટીઓ નંગ-૨, (૪) વીંટી તથા (૫) એક ચાંદીની કંઠી મળી કુલ્લે રુ.૨૨૧૪૨૦/-ની મતાના મુદ્દામાલતથા તેઓ પાસેની ઓટોરીક્ષા સાથે આસ્ટોડીયા દરવાજા પાસેથી ઝડપી પાડી પચાસેક જેટલી ચોરીઓનો ભેદ ઉકેલવા પામેલ છે.

પકડાયેલ ત્રણેય ઇસમોની પુછપરછ કરતાં તેઓએ સને-૨૦૦૨ થી આજ સુધીમાં પોતાના જુદાજુદા સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં તથા શહેરની આજુબાજુના વિસ્તારોમાંથી એકલ દોકલ પેસેન્જરો કે જેઓની પાસે થેલો, બેગ, પર્સ કે સુટકેશ વિગેરે હોય તેવા પેસેન્જરોને રીક્ષામાં બેસાડી તેઓની નજર ચુકવી દર દાગીના, રોકડ રકમ વિગેરેની અસંખ્ય ચોરીઓ કરેલાની કબુલાત કરેલ છે આ ઇસમોની ઝીણવટપુર્વક પુછપરછ કરતાં તેઓ પોતાના સાગરીતો સાથે અમદાવાદ શહેરમાં બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, તથા એ.એમ.ટી.એસ.ના સ્ટેન્ડસ ઉપર રીક્ષામાં પોતાનાજ ગેંગના સભ્યોને પહેલેથીજ બેસાડી રાખતાં અને જે પેસેન્જર પાસે બેગ, પર્સ, થેલો કે સુટકેશ હોય તેને ટાર્ગેટ કરતાં અને તે પેસેન્જરને કયાં જવુ છે તે પુછતાં અને પેસેન્જરને જ્યાં જવુ હોય તે જગ્યાએજ આ રીક્ષા જતી હોવાનુ જણાવી તેને રીક્ષામાં બેસાડી નકકી કરેલ પ્લાન મુજબ બેસેલા પેસન્જરનો થેલો કે બેગ તેઓને બેસવામાં અડચણરુપ થતો હોય તેવુ જણાવી શકય હોય તો તે થેલો/બેગ પોતાની પાસે લઇ લે છે અગર પેસેન્જર જો થેલો તેઓના કબ્જામાં ના આપેતો આ આરોપીઓની મોડસ ઓપરેન્ડી મુજબ થેલો સીટની પાછળ મુકાવે છે અને જો પેસેન્જર ત્યાં પણ ના મુકેતો આ આરોપીઓ પોતાની પાસે રહેલી એક બેગ કે થેલીને રીક્ષાના હુડ સાથે પકડી રાખી તેની આડ ઉભી કરી અને બેસેલા પેસેન્જરને ના દેખાય તે રીતે થેલાની ચેઇન ખોલી તેમાં ચાલાકી પુર્વક હાથ નાંખી પેસેન્જરને જરા પણ ખબર ના પડે તે રીતે બેગમાં રહેલા દાગીના કે રોકડ રકમ નિકાળી લે છે અને જ્યારે કામ પતી જાય ત્યારે પાછળ બેઠેલ ઇસમો રીક્ષા ચાલકને ઇશારો કરતા. આ ઇશારામાં જો નકદ રોકડા રુપીયા મળયા હોય તો નોટો ગણવાનો હાથથી ઇશારો કરતાં અને જો સોના ચાંદીના દાગીના મળે તો “મલમલ” કા કામ હોય ગયા તેવુ કહેતાં આવો સિગ્નલ મળતાની સાથેજ રીક્ષા ચાલક રીક્ષાનો કલચ વાયર તુટી ગયેલ છે કે સીએનજી ગેસ પુરો થઇ ગયો છે કે આગળ પોલીસનુ ચેકીંગ છે જેથી અમારી રીક્ષા વધુ

પેસેન્જર હોવાના કારણે પોલીસ રીક્ષાને જમા લઇ લે છે તેવુ બહાનુ બતાવી આ પેસેન્જરને આ બહાના હેઠળ રીક્ષામાંથી ઉતારી દેતાં.

પકડાયેલ આ આરોપીઓમાંથી અમનુલ્લા ઉર્ફે મણીયો ઉર્ફે મણીલાલ જે કયા પેસેન્જરને બેસાડવો અને તેની પાસેથી માલ મળશે કે નહી તે ઓળખવાની ગઝબની આવડત/સ્કિલ ધરાવતો હોય તે મુખ્યત્વે રીક્ષા જાતે ચલાવતો અને નકકી કરેલ શિકારને યેનકેન પ્રકારે રીક્ષામાં બેસાડવાની આવડત ધરાવે છે અને તે છેલ્લા દશેક વર્ષથી આ ધંધામાં સંકળાયેલ છે અને તેણે આવા અસંખ્ય ગુન્હાઓ અમદાવાદ, ગાંધીનગર, ખેડા, સાબરકાંઠાના અનેક શહેરોમાં આચરેલ હોવા છતાં અને હજુ સુધી તે કયારેય પોલીસના હાથે ઝડપાયેલ નહતો આ ઉપરાંતના બીજા બે આરોપીઓ ઘણીવાર પકડાઇ ચુકયા છે અને તેઓની પાસા હેઠળ અટકાયત પણ કરવામાં આવેલ છે.

આ આરોપીઓની પુછપરછ કરતાં તેઓનો મુખ્ય વ્યવસાયજ રીક્ષામાં બેસાડી ચોરી કરવાનો બની ગયેલ છે તેઓ અલગ અલગ વિસ્તારમાં આરીતે આવા ગુન્હાઓને અંજામ આપી જગ્યાઓ બદલતાં રહેતાં હોય જેથી પોલીસ જલ્દી પકડી ના શકે. આ ઉપરાંત રીક્ષામાં રહેલા ઇન્ટીરીયરને જરુર પડે વારંવાર બદલી નાંખતાં રાણીપ વિસ્તારમાં બનેલ ગુન્હો જેમાં ફરીયાદીએ આ રીક્ષામાં રહેલ સલમાનખાન અને સોનાક્ષીસિંહાના બંને ફોટાને ઓળખી બતાવેલ આ વાતની છાપાના માધ્યમથી જાણ થતાં આ બંને પોસ્ટરોને નિકાળી દિધેલ આમ આ ગેંગ નાનીનાની દરેક બાબતોનુ ધ્યાન રાખતી.

આ આરોપીઓ જુગાર, દારુ તથા મોજશોખ કરવાના શોખીન હોય ચોરીમાં મળેલ નાણાંનો તેઓ તેમાં ખર્ચ કરતા. અને તેઓએ અન્ય કોઇ બીજા ગુન્હાઓ તેઓના સાગરીતો સાથે મળી આચરેલ છે કે કેમ? અને તેઓ પાસે બીજો કોઇ ચોરીનો મુદ્દામાલ છે કે કેમ તે બાબતે તથા તેઓના સાગરીતો બાબતે તેઓની સઘન પુછપરછ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.